# સંદેશ

સુરત, અમદાવાદ, વડોદરા, રાજકોટ, ભાવનગર અને ભુજથી પ્રસિદ્ધ થતું દૈનિ


## વિકાસની પાંખો પર સવાર કેપી ગ્રૂપ, લોકલથી ગ્લોબલમાં કરી રહ્યું છે એક્સપાન્શન



**ડો. ફારૂક જી. પટેલ**
**સીએમડી કે.પી. ગ્રૂપ**

સુરતની ધરતી પરથી દુનિયાના ફલક પર કેપી ગ્રૂપ તેની ત્રણ લિસ્ટેડ સહિત ૪૫થી વધુ કંપનીના સમૂહ સાથે વિકસી રહ્યું છે. યુએઈ અને બોત્સવાના, યુરોપ, દ.કોરિયા સહિતમાં તેની નોંધપાત્ર એન્ટ્રી થઈ ગઈ છે.

ગ્રૂપે હાલમાં જ ભરૂચની માતર ફેક્ટરીમાં પ્રથમ ૧ મેગાવોટ ગ્રીન હાઈડ્રોજન પ્લાન્ટ અને એશિયાની સૌથી મોટી ગેલ્વેનાઈઝિંગ કેટલ સ્થાપિત કરી છે જે મોટી સિદ્ધિ છે. કેપી ગ્રૂપ પાસે હાલ ૧૨૮થી વધુ સાઈટ્સ છે. ૭.૭ ગીગાવોટ સોલાર, વિન્ડ, BESS અને હાઈબ્રિડ પાવરનો પોર્ટફોલિયો છે. જેમાં ૧ ગીગાવોટનો પોતાનો આઈપીપી પ્લાન્ટ છે. ૧૧,૮૯૦ એકરથી વધુ લેન્ડ બેંક છે. ૨૦૩૦ સુધી ૧૦ ગીગાવોટનો ટાર્ગેટ છે.

કેપી ગ્રૂપના ફાઉન્ડર, સીએમડી ડો. ફારૂક જી. પટેલ કહે છે કે, અમારુ ફોકસ સ્કેલ સાથે મજબૂત એક્ઝિક્યુશન ક્ષમતાઓ વિકસાવવા પર છે, રિન્યૂએબલ એનર્જી, અદ્યતન મેન્યુફેક્ચરિંગને જોડીને, અમે લાંબા ગાળાના વિકાસ માટે પ્લેટફોર્મ બનાવી રહ્યા છીએ અને ભારત તેમજ વિશ્વના ગ્રીન એનર્જી ટ્રાન્ઝિશનમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપી રહ્યા છીએ. કેપી ગ્રૂપે ગુજરાતમાં મજબૂતી હાંસલ કર્યા બાદ હવે ઓડિશા, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન, યુપી, તમિલનાડુ, આંધ્રપ્રદેશ સહિતના રાજ્યોમાં વિસ્તરણ શરૂ કર્યું છે. જેમાં કેપી ગ્રીન એન્જિ.એ હાલમાં જ BSNL પાસેથી સૌથી મોટો ઓર્ડર મેળવ્યો છે, જેમાં મહારાષ્ટ્ર, ગોવા, જમ્મુ અને કાશ્મીર, લદાખ, ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં ટેલિકોમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ પૂર્ણ કરાશે.